# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

**E-Mail- forum.pgvcl@gebmail.com**

પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૧૦/ક્વા-૨/૨૧-૨૨/૫૨૮૮-૨ તા.૦૯-૦૯-૨૦૨૧

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૧૦/ક્વા-૨/૨૧-૨૨

અરજદાર : રાઠોડ ભાર્ગવ દિનેશભાઈ ગામ: રાજકોટ

પેટા વિભાગીય કચેરી : રોણકી

રજૂઆત કરનાર : અરજદાર વતી તેના પ્રતિનિધિ તરીકે રાઠોડ દિનેશભાઈ વાઘજીભાઈ હાજર રહેલ છે.

## :: વિરુધ્ધ ::

સામાવાળા : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી - રાજકોટ ગ્રામ્ય અને પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી શહેર -૩ રાજકોટ

રજૂઆત કરનાર : (૧) નાયબ ઈજનેર (ટેક-૨) શ્રી એમ.એ.ચાવડા, પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી – રાજકોટ ગ્રામ્ય અને તેમની સાથે નાયબ ઈજનેર શ્રી બી.સી.છત્રોલા, પી.જી.વી.સી.એલ. પેટા વિભાગીય કચેરી – રોણકી

(૨) નાયબ ઈજનેર શ્રી એસ.જી.સોજીત્રા, પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી – રાજકોટ શહેર-૩ અને તેમની સાથે કા.વા. નાયબ ઈજનેર શ્રી, પી.પી.ભારદ્વાજ પી.જી.વી.સી.એલ. પેટા વિભાગીય કચેરી – મવડી રોડ

## :: કોરમ ::

૧) ચેરપર્સન - શ્રી જે.બી. પારેખ,

૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી નિતીનાબેન એચ. જોષી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ

તારીખ: ૦૩-૦૯-૨૧ (શુક્રવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૦૩-૦૯-૨૧ (શુક્રવાર) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર રજુઆતમાં જણાવે છે કે તા.૧૬/૦૬/૨૦૨૧ ના રોજ ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે તેઓ દ્વારા મવડી રોડ પેટાવિભાગીય કચેરી ખાતે નાયબ ઈજનેરશ્રીને અરજી કરેલ. સદર અરજી નાયબ ઈજનેર મવડી રોડ પેટાવિભાગીય કચેરી દ્વારા નાયબ ઈજનેર રોણકી પેટાવિભાગીય કચેરીને મોકલવામાં આવેલ. ત્યારબાદ નાયબ ઈજનેર ખેતીવાડી રોણકી પેટાવિભાગીય કચેરી દ્વારા અરજદારની સદર અરજી કાર્યપાલક ઈજનેર શહેર વિભાગીય કચેરી-૩ રાજકોટને મોકલવામાં આવેલ છે. આમ અરજદારની સદર અરજી અલગ અલગ ઓફીસ ખાતે ફેરબદલ થયા કરતી હોય અને અરજદારને વીજજોડાણ મેળવવામાં મુશ્કેલી ઉભી થતી હોય અરજદાર દ્વારા ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજૂઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદારની રજૂઆત અન્વયે - પી.જી.વી.સી.એલ. પક્ષકાર વિભાગીય કચેરી - રાજકોટ ગ્રામ્ય તરફથી જણાવાયેલ કે ગામ:નાનામૌવા ના શ્રી ભાર્ગવભાઈ દિનેશભાઇ રાઠોડ દ્વારા સર્વે નંબર ૨૮/૧૦ માં નવા ૭.૫ હો.પા.ના ખેતીવાડી વીજ જોડાણ મેળવવા માટે જરૂરી અરજી પત્રક તથા દસ્તાવેજો મવડી રોડ પેટાવિભાગીય કચેરીમાં રજૂ કરવામાં આવેલ.

૩.૧ સદર બાબતના નિકાલ અન્વયે - મવડી રોડ પેટાવિભાગીય કચેરી દ્વારા અરજદારની માંગણી મુજબના સદર નવા ખેતીવાડી વીજ જોડાણ ની S.R કર્યા વગર જ સંપૂર્ણ કેસ પેપર પત્ર નંબર ૫૭૪૪/તા:૧૯.૦૬.૨૦૨૧ થી પેટાવિભાગીય કચેરી રોણકી ને મોકલવામાં આવેલ.

૩.૨ ખેતીવાડી વીજજોડાણ અન્વયેની સદર અરજીની રૂટિન પ્રક્રિયા મુજબ - મવડી રોડ પેટાવિભાગીય કચેરી દ્વારા સદર અરજીની જરૂરી SR કરી (નાના મૌવા ગામ સિસ્ટમમાં મવડી રોડ પેટાવિભાગીય કચેરીમાં આવે છે રોણકી પેટાવિભાગીય કચેરીની સિસ્ટમમાં દર્શાવતું નથી) ને તથા નાણાં ભરપાઈ કર્યા બાદ આગળની કાર્યવાહી સબબ રોણકી પેટાવિભાગીય કચેરીમાં મોકલવાની થાય છે અને ત્યાબાદ સદર અરજી મુજબ જરૂરી સર્વે હાથ ધરીને અરજદારશ્રીને ભાવપત્રકની (મવડી રોડ પેટાવિભાગીય કચેરીના લૉગઇન માથી) મંજૂરી મળ્યે આપવાનું થાય છે. સદર ભાવપત્રકના નાણાં ભરપાય થયા બાદ રોણકી પેટાવિભાગીય કચેરી દ્વારા જરૂરી કામ પૂર્ણ કરી ને વર્ક કંપલિશન સર્ટિફિકેટ સાથે વીજ જોડાણ રિલિઝ કરવા માટે રોણકી પેટાવિભાગીય દ્વારા મવડી રોડ પેટાવિભાગીય કચેરીને સોંપવામાં આવે છે.

૩.૩ મવડી રોડ પેટાવિભાગીય કચેરી દ્વારા **SR** ન કરીને જરૂરી નાણાંના ભરાવ્યા વગર જ અરજી રોણકી પેટાવિભાગીય કચેરીને સોંપી આપવામાં આવેલ હોય સદર બાબતે વિભાગીય કચેરી - રાજકોટ ગ્રામ્ય દ્વારા પત્ર નંબર **RRD/**૭૯૦૧ તા:૧૩.૦૮.૨૦૨૧ થી શહેર વિભાગીય કચેરી-૩ ને જાણ કરવામાં આવેલ છે.

૩.૪ વધુમાં સદર અરજદારની અરજી અન્વયે પી.જી.વી.સી.એલ. પક્ષકાર શહેર વિભાગીય કચેરી નં – ૩ જણાવે છે કે અરજદાર શ્રી રાઠોડ ભાર્ગવભાઈ દિનેશભાઈ દ્વારા નાનામવાના ખેતીવાડી સર્વે નં ૨૮/૧૦ માં તબેલા માટે નવું વીજ જોડાણ મેળવવા માટેની માંગણી મવડી રોડ કચેરી માં કરવામાં આવેલ. જેના અનુસંધાને મવડી રોડ કચેરી દ્વારા તા.૦૯.૦૪.૨૧ ના રોજ રૂ.૩,૯૭,૬૬૪/- નું ભાવપત્રક પ્રર્વતમાન પરિપત્ર નં જીયુવીએએલ/ટેક-૨/આર એન આર/૨૨૭૧૯/તા.૩૦.૦૧.૨૦૧૭ મુજબ નિયમોનુસાર આપવામાં આવેલ છે. જે અંદાજપત્ર બાબતે અરજદાર દ્વારા એવી રજૂઆત કરવામાં આવેલ કે “ખરેખર અમારો આ તબેલો રાજકોટ શહેરની મધ્યમાં છે. અને અમારું આ એસ્ટીમેટ ઘટાડી આપવું.” જેના અનુસંધાને મવડી કચેરી દ્વારા

પત્ર નં ૪૯૯૧ તા.૧૩.૦૫.૨૧થી એસ્ટીમેટ નિયમ મુજબ આપવામાં આવેલ છે, તેવી અરજદારને જાણ કરેલ.

૩.૫ ઉપરોક્ત મુદ્દા નં ૩.૨ મુજબ ની રૂટીન પ્રકિયા બાબતે પી.જી.વી.સી.એલ. દ્વારા જણાવેલ છે કે સદર અરજદારશ્રીની અરજીના અનુસંધાને અરજદારની હાજરીમાં તા:૨૧.૦૮.૨૦૨૧ ના રોજ નાયબ ઈજનેર શ્રી (આર.ઈ.), પી.જી.વી.સી.એલ. પેટા વિભાગીય કચેરી – રોણકી તથા નાયબ ઈજનેર શ્રી પેટાવિભાગીય કચેરી મવડી રોડ દ્વારા એકત્રિત સર્વે હાથ ધરવામાં આવેલ અને જરૂરી સ્થળ રોજકામ તથા નક્શો તૈયાર કરવામાં આવેલ છે જે મુજબ અરજદારશ્રી દ્વારા જે સર્વે નંબર માં નવું ખેતીવાડી વીજ જોડાણ માંગવામાં આવેલ છે તે સર્વે નંબરની આજુ બાજુ ૧૦ કિલોમીટર જેટલા વિસ્તારમાં ક્યાય પણ ખેતીવાડીની ૧૧ કે.વી.ની વીજ લાઇન હયાત નથી. તદઉપરાંત સદર સર્વે નંબર રાજકોટ શહેરના ગીચ વિસ્તાર બાલાજી હૉલ થી નજીક આવેલ હોય તથા ગીચ શહેરી રહેણાક વિસ્તાર તથા હાઇરાઈઝ ઈમારતો નજીક આવેલ હોય તેમજ ૧૫૦ ફીટ રોડ ક્રોસિંગ હોવાથી સલામતીના કારણોસર અને ટેકનિકલી ફીઝીબીલીટી ન હોવાના કારણોસર અરજદારશ્રીને સદર નવું ખેતીવાડી વીજ જોડાણ આપી શકાય તેમ નથી. સદર કારણોસર અરજદારની અરજી રદ કરવાની લેખિત જાણકારી અરજદારશ્રીને પેટાવિભાગીય કચેરી રોણકી દ્વારા પત્ર નં - ૬૫૪૪ તા:૩૧.૦૮.૨૦૨૧ થી કરાયેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખિત તેમજ મૌખિક રજૂઆત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદાર શ્રી ભાર્ગવભાઈ દિનેશભાઇ રાઠોડ દ્વારા સર્વે નંબર ૨૮/૧૦ માં નવા ૭.૫ હો.પા.ના ખેતીવાડી વીજ જોડાણ મેળવવા માટે જરૂરી અરજી પત્રક તથા દસ્તાવેજો મવડી રોડ પેટાવિભાગીય કચેરીમાં રજૂ કરવામાં આવેલ પરંતુ મવડી પેટાવિભાગીય કચેરી દ્વારા તા.૧૯-૦૬-૨૧ થી અરજદારની અરજી પેટાવિભાગીય કચેરી રોણકીમાં જરૂરી કાર્યવાહી માટે મોકલવામાં આવી જેથી કામગીરી નું કાર્યક્ષેત્ર પી.જી.વી.સી.એલ. દ્વારા નક્કી ન થતા અરજદારે અત્રે ના ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

૪.૨ ઉપરોક્ત મુદ્દા નં ૩.૨ મુજબ ની વિગતે સદર પ્રકારની અરજીનો નિકાલ - મવડી રોડ પેટાવિભાગીય કચેરી દ્વારા નવા ખેતિવાડી વીજ જોડાણ ની S.R. કરીને જરૂરી કાર્યવાહી પૂર્ણ થયા બાદ સંપૂર્ણ કેસ પેપર લાગુ પડતી પેટાવિભાગીય કચેરી રોણકીને મોકલવી જોઈતી હતી. પરંતુ સદર બાબત મવડી પેટાવિભાગીય કચેરી દ્વારા જરૂરી કાર્યવાહી થયેલ જણાતી નથી.

૪.3 ત્યારબાદ, શહેર વિભાગીય કચેરી નં – ૩ રાજકોટ અને ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટ ની કચેરી હેઠળ આવતા પેટાવિભાગીય કચેરી મવડી રોડ અને રોણકીના નાયબ ઈજનેર (આર.ઈ.), દ્વારા અરજદારની હાજરીમાં તા:૨૧.૦૮.૨૦૨૧ ના રોજ સર્વે હાથ ધરવામાં આવેલ અને જરૂરી સ્થળ રોજકામ તથા નક્શો તૈયાર કરવામાં આવેલ છે જે મુજબ અરજદારશ્રી દ્વારા જે સર્વે નંબર માં નવું ખેતીવાડી વીજ જોડાણ માંગવામાં આવેલ છે તે સર્વે નંબરના આજુ બાજુ ૧૦ કિલોમીટર દુર આવેલ જેટલા વિસ્તારમાં ક્યાય પણ ખેતીવાડીની ૧૧કે.વી.ની વીજ લાઇન હયાત નથી. ઉપરાંત સદર સર્વે નંબર રાજકોટ શહેરના ગીચ વિસ્તાર બાલાજી હૉલ થી નજીક આવેલ હોય તથા ગીચ રહેણાક વિસ્તાર તથા હાઇરાઈઝ ઈમારતો નજીક આવેલ હોય સલામતી અને ટેકનીકલી ફીઝીબીલીટી ના કારણોસર અરજદારશ્રીને સદર નવું ખેતીવાડી વીજ જોડાણ આપી શકાય તેમ નથી જેની જાણકારી અરજદારશ્રીને પેટાવિભાગીય કચેરી રોણકી દ્વારા પત્ર નં - ૬૫૪૪ તા:૩૧.૦૮.૨૦૨૧ થી કરાયેલ છે.

૪.૪ નામદાર જીઈઆરસી ના રેગ્યુલેશન નોટીફીકેશન નં ૦૪/૨૦૧૫ ના વિભાગ ૦૪ મુજબ નવું વીજ જોડાણ આપવાની કાર્ય પદ્ધતિ અન્વયે પુરવઠો પૂરો પાડવાની જવાબદારી મુદ્દા નં ૪.૧ માં જણાવ્યા મુજબ પરવાનેદાર તેના પુરવઠા વિસ્તાર માં આવેલ કોઇપણ જગ્યા ના માલિક કે કબજેદાર ને અરજી ના આધારે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ વિનિયમો ૨૦૦૫ અને તેમાં કરેલ વખતો વખતના સુધારા મુજબ નિર્દિષ્ટ સમય મર્યાદા ની અંદર વીજળી પૂરી પડશે શરત કે (૧) વીજ પુરવઠો ટેકનીકલ દ્રષ્ટિએ શક્ય હોવો જોઈએ તે મુજબ સદર કેઈસ માં અરજદાર ની માંગણી મુજબ નું વીજ જોડાણ ટેકનીકલ ફીઝીબલીટી અને સલામતીના કારણોસર આપી શકાય નહી - તેમ સદર કેઈસ માં ફોરમ દ્વારા નિર્ણય કરાયેલ છે.

૪.૫ વધુમાં નવા કૃષિ વિષયક વીજ જોડાણ ટેકનીકલ દ્રષ્ટિએ આપવા શક્ય ન હોય તેવા વિસ્તારોમાં – વૈકલ્પિક તરીકે ભારત સરકાર /રાજ્ય સરકાર દ્વારા પી.એમ.કુસુમ-બી યોજના હેઠળ ખેડૂતોને ઓફ ગ્રીડ સૌર ઉર્જા સંચાલિત સિંચાઈ પમ્પ સેટ્સ ઉપલબ્ધ કરવાની અમલમાં છે. સદર યોજનામાં અરજદાર દ્વારા નિયમ અનુસાર નોંધણી કરાવીને કૃષિ હેતુ માટે સૌર ઉર્જા સંચાલિત સિંચાઈ પમ્પ - જે તે ગાઈડ લાઈન મુજબ મેળવી શકશે.

૪.૬ ઉપરોક્ત મુદ્દા નં. ૪.૪ મુજબની વિગતે હુકમ કરવામાં આવે છે અને મુદ્દા નં. ૪.૫ મુજબની વિગતેની જાણકારી અરજદાર ને આપવામાં આવે છે.

૪.૭ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | |
|---|---|
| (એન.એચ.જોષી) | (જે.બી.પારેખ) |
| સભ્ય (સ્વતંત્ર) | ચેરપર્સન |

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલનું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯